# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28-11-2024 MORNING : 7.45 to 7.55
Day : THURSDAY National News

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) દેશભરના ખેડૂતોને DAP ખાતર પૂરતા પ્રમાણમાં મળી રહે એ માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ
2) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે ફ્રાન્સ અને એશિયા-પ્રશાંત ભાગીદારોને વ્યવસાયિક સંબંધો વધુ સુદ્રઢ બનાવવા અપીલ કરી
3) હેમન્ત સૉરેન આજે ઝારખંડના મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે.
4) કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મોટા ત્રાસવાદી હુમલાને રોકવા જમ્મુ શહેરમાં રાષ્ટ્રીય સુરક્ષા દળનું કાયમી કેન્દ્ર સ્થાપ્યું
5) ઑમાનમાં પુરુષ જૂનિયર એશિયા કપ હૉકીમાં ભારતે થાઈલેન્ડને હરાવ્યું.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CENTRE FERTILIZER

કેન્દ્ર સરકાર ડાય એમોનિયમ ફૉસ્ફેટ- DAP ખાતરની ઉપલબ્ધતા જાળવી રાખવા માટે શક્ય તમામ પગલા ઉઠાવી રહી છે. રસાયણ અને ખાતર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, કેન્દ્ર સરકાર રાજ્યો, રેલવે અને ખાતર કંપનીઓ સાથે સંકલન જાળવી રહી છે.

વૈશ્વિક પડકારો વચ્ચે ઑક્ટોબર-નવેમ્બરમાં 17 લાખ ટનથી વધુ આયાતિ DAP રાજ્યોને ઉપલબ્ધ કરાવાયું હતું. ઉપરાંત સ્થાનિક ઉત્પાદનના માધ્યમથી અંદાજે સાડા 6 લાખ ટન ખાતર રાજ્યોને ઉપલબ્ધ કરાવાયું છે.

રવિ પાક માટે અત્યાર સુધી 34 લાખ 81 હજાર મેટ્રિક ટન D.A.P. અને 55 લાખ મેટ્રિક ટનથી વધુ નાઈટ્રોજન, ફૉસ્ફરસ, પૉટેશિયમ અને સલ્ફર ખાતર પૂરું પાડવામાં આવ્યું છે. મંત્રાલયના મતે, ભૌગોલિક રાજકીય કારણોસર DAPના પૂરવઠાને અસર થાય છે. રાજ્યોની ખાતરની માગ પૂર્ણ કરવા માટે દેશ આયાતિ DAP ખાતર પર નિર્ભર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

POOL- PRAVESH, (નવીન)

# LS- PM SURYAGHAR

પીએમ-સૂર્યઘર મફત વીજળી યોજના હેઠળ રૂફ ટોપ સોલર સિસ્ટમ સ્થાપવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે.

લોકસભામાં લેખિત જવાબમાં કેન્દ્રીય નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી શ્રીપાદ નાઇકે જણાવ્યું કે, દેશમાં આશરે 26 લાખ અરજી મળી છે, જેમાંથી છ લાખ 16 હજાર પ્રણાલી સ્થાપવામાં આવી છે. 2 લાખ 81 હજાર સોલાર પ્રણાલી સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે, જ્યારે મહારાષ્ટ્રમાં એક લાખ 20 હજારથી વધુ, કેરળ અને ઉત્તરપ્રદેશમાં 51 હજાર પ્રણાલી સ્થાપવામાં આવી છે.

આ યોજના હેઠળ દેશનાં રહેણાંક ગ્રાહકો અરજી કરી શકે છે અને એક કરોડ ઘરોમાં પ્રણાલી લગાવવાનાં લક્ષ્યમાં રાજ્યવાર ફાળવણી નથી કરવામાં આવી.

સોલર રૂફટોપ પ્રણાલી બેસાડવા માટે ગ્રાહકો નેશનલ પોર્ટલ https://www.pmsuryaghar.gov.in.પર અરજી કરી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

રીપીટ

# GOYAL FOREIGN TRADE

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ફ્રાન્સ અને એશિયા-પ્રશાંત ભાગીદારોને ખાસ કરીને ત્રણ ક્ષેત્રમાં સહયોગ વધારવાની અપીલ કરી છે. આમાં દ્વિપક્ષીય સમજૂતી અને બહુપક્ષી મંચના માધ્યમથી વ્યાપારી સંબંધોને વધારવા, આબોહવા પરિવર્તનના પડકારને પહોંચી વળવા માટે ટેક્નિકલ સહયોગને મજબૂત કરવા અને સાંસ્કૃતિક તથા શૈક્ષણિક આદાન-પ્રદાનને વધારવા જેવા ક્ષેત્ર સામેલ છે.

શ્રી ગોયલે નવી દિલ્હીમાં એશિયા-પ્રશાંત ક્ષેત્ર માટે ફ્રાન્સના વિદેશી વ્યાપાર આયુક્તોના વાર્ષિક સંમેલનમાં કહ્યું કે, 'નાણાકીય વર્ષ 2024-25માં ભારત અને ફ્રાન્સનો વેપાર 15 અબજ ડૉલર સુધી પહોંચશે.' તેમણે ઉમેર્યું કે, 'વર્ષ 2047 સુધી વિકસિત ભારત બનાવવાના લક્ષ્યને ધ્યાનમાં રાખી ભારત એક અગ્રણી દેશ તરીકે ઉભરી આવશે તે નિશ્ચિત છે.'

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

POOL- PRAVESH, (નવીન)

# LS TUR

સરકારે કહ્યું કે, ગત 3 મહિનામાં તુવેર અને અડદની દાળની કિંમતમાં ઘટાડો થયો છે અથવા તો તેની કિંમત સ્થિર રહી છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્યમંત્રી બી. એલ. વર્માએ લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ વિગત આપી હતી. તેમણે કહ્યું, ખરીફ પાકની સ્થિતિ સારી છે. મગ, અડદ જેવા મર્યાદિત સમયગાળાના પાકની લલણી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે તુવેરની લલણી હવે શરૂ થઈ છે.

શ્રી વર્માએ કહ્યું, સરકારે ભારત દાળ બ્રાન્ડ અંતર્ગત રાહત દર પર છૂટક વેચાણ માટે બફર સ્ટોકના એક મોટા હિસ્સાને છૂટક દાળમાં પરિવર્તિત કર્યો છે. તેમણે કહ્યું, આ મહિનાની 22 તારીખ સુધી ભારતીય રાષ્ટ્રીય ગ્રાહક સહકારી સંઘ- NCCF અને ભારતીય રાષ્ટ્રીય કૃષિ સહકારી વિપણન સંઘ – નાફેડ દ્વારા કુલ 10 લાખ 66 હજાર ખેડૂતોની નોંધણી કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

POOL- PRAVESH, (નવીન)

# JHARKHAND CM SWEARING IN

ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમન્ત સૉરેન આજે મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે. ઝારખંડના રાજ્યપાલ સંતોષકુમાર ગંગવર બપોરે ચાર વાગ્યે રાંચીના મોરહાબાદી મેદાનમાં શ્રી સોરેનને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવશે.

શ્રી સોરેને રાંચીમાં કહ્યું કે, 'તેમણે સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભારતીય જનતા પક્ષના નેતાઓને પણ આમંત્રિત કર્યા છે'

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

POOL- PRAVESH, (નવીન)

# LS-WAQF

લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ લોકસભામાં જણાવ્યું હતું કે, દેશમાં આશરે 59 હજાર વક્ફ મિલકતો અતિક્રમણનો સામનો કરી રહી છે. લોકસભામાં લેખિત જવાબમાં શ્રી રિજિજુએ જણાવ્યું કે, વક્ફ કાયદા પ્રમાણે સ્ટેટ વક્ફ બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારીને વક્ફ મિલકતો પર બિનઅધિકૃત કબજો અને અતિક્રમણ સામે કાનૂની પગલાં લેવાની સત્તા છે.

તેમણે જણાવ્યું કે, વક્ફ કાયદામાં એવી જોગવાઈ છે કે કોઈ પણ વક્ફ મિલકતનું વેચાણ, ભેટ, મોર્ગેજ કે ટ્રાન્સફર અમાન્ય ગણાશે. તેમણે જણાવ્યું કે વક્ફ મિલકતો અંગેની ફરિયાદો યોગ્ય પગલાં લેવા રાજ્ય વક્ફ બોર્ડ્સ અને રાજ્ય સરકારોને મોકલવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ,અનિલ પટેલ,(પ્રવિણ)

# NSG JAMMU

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મોટા ત્રાસવાદી હૂમલાને રોકવા જમ્મુ શહેરમાં રાષ્ટ્રીય સુરક્ષા દળ - NSGનું કાયમી કેન્દ્ર સ્થાપ્યું છે. જમ્મુના અમારા પ્રતિનિધી જણાવે છે કે, ત્રાસવાદીઓનો સામનો કરવા વિશેષ પરિસ્થિતિ ઊભી થાય તેવા સંજોગોમાં હવે શહેરમાં એનએસજીનું વિશેષ દળ કાયમ માટે ઉપલબ્ધ રહેશે.

જમ્મુ વિસ્તારનાં વિવિધ જિલ્લાઓમાં સલામતી દળો પર ત્રાસવાદી હૂમલાઓ અને ત્રાસવાદીઓ જમ્મુને લક્ષ્ય બનાવી શકે તેવા અહેવાલોને પગલે એનએસજી કેન્દ્ર રચવામાં આવ્યું છે.

NSG કમાન્ડોની તૈનાતી જમ્મુ અને કાશ્મીર માટે ઘડવામાં આવેલી આતંકવાદ વિરોધી યોજનાનો એક ભાગ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ,અનિલ પટેલ,(પ્રવિણ)

# INTERNATIONAL TOURISM MART

કેન્દ્રીય પર્યટન અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યું હતું કે, સરકાર પર્યટન અને માળખાકીય ક્ષેત્રોને વિકસાવવા માટે ઉત્તર પૂર્વનાં રાજ્યો પર વધુ ભાર મૂકી રહી છે. આર્થિક વૃધ્ધિ માટે આ રાજ્યોમાં વધુ ક્ષમતા છે. ગઈકાલે કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન અને વાઘ અભયારણ્ય ખાતે ઇન્ટરનેશનલ ટુરિઝમ માર્ટ ITM ની 12મી આવૃત્તિનું ઉદઘાટન કરતાં તેમણે આ પ્રમાણે જણાવ્યું હતું.

શ્રી શેખાવતે જણાવ્યું કે, છેલ્લા 10 વર્ષમાં સરકારે ઇશાન ભારતનાં રાજ્યોનાં માળખાકીય વિકાસ માટેનાં ભંડોળમાં વધારો કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ,અનિલ પટેલ,(પ્રવિણ)

# HOCKEY JUNIOR ASIA CUP

ઑમાનના મસ્કતમાં 2024 પુરુષ જૂનિયર એશિયા કપ હૉકીમાં ગઈકાલે ભારતીય જૂનિયર પુરુષ હૉકી ટીમે પોતાની પેહલી મેચમાં થાઈલેન્ડને 11 શૂન્યથી હરાવ્યું છે.

અરજીતસિંહ હુન્દલે બીજી અને 24મી મિનિટમાં 2 ગોલ કર્યા. ભારત તરફથી અરજીત સિંહ હુન્દલ, સૌરભ આનંદ કુશવાહા અને ગુરજોત સિંહે 2-2 ગોલ કર્યા હતા. જ્યારે અર્શદીપ સિંહ, શારદાનંદ તિવારી, દિલરાજ સિંહ, રોહિત અને મુકેશ ટોપ્પોએ એક-એક ગોલ કર્યો હતો.

ભારતે રમતની શરૂઆતથી અંત સુધી નિયંત્રણ જાળવી રાખવા વધુ મજબૂતીથી પોતાના ક્ષેત્રમાં બચાવ કર્યો હતો. હવે ભારતની આગામી મેચ આજે જાપાન સામે રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

POOL- PRAVESH, (નવીન)

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો...

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડયા

- આજના અખબારોમાં અલગ અલગ સમાચારોને વર્તમાનપત્રોએ હેડાલાઇન્સ બનાવી છે જેમાં બાંગ્લાદેશમાં હિન્દુઓ ખતરામાં, સાયબર ફ્રોડને કારણે લોકોએ કરોડો ગુમાવ્યા, રાજ્યમાં એક જ દિવસમાં ચાર દુષ્કર્મના કેસ તેમજ લાંચ કાંડ મામલે ચીનમાં બેન્કના ઉચ્ચ અધિકારીને ફાંસીની સજાના મુખ્ય સમચાર જોવા મળી રહ્યાં છે.આ ઉપરાંત મહારાષ્ટ્રમાં મુખ્યમત્રી પદ માટેની ચર્ચાના સમાચાર પણ પહેલા પાના ઉપર જોવા મળી રહ્યાં છે
- ગુજરાત સમાચારે ચીનની સૌથી મોટી બેંકના પૂર્વ વડાને લાંચ બદલ ફાંસીના મથાળા હેઠળ સમાચાર બનાવ્યાં છે.
- સંદેશે સપ્ટેમ્બર સુધીમાં સાયબર ફ્રોડથી અગિયાર હજાર 333 કરોડ ગુમાવ્યા હોવાના મુખ્ય સમચાર પ્રસિધ્ધ કર્યા છે
- નવગુજરાત સમયે બાંગ્લાદૈશમાં હિન્દુઓ ખતરામાં ઇસ્કોન પર પ્રતિબંધની તૈયારીના હેડિંગ સાથે પહેલા પેજના સમાચાર પ્રકાશિત કર્યા છે.
- બેટી બચાવો- ગુજરાતમાં ચોવીસ કલાકમાં ચાર દુષ્કર્મના સમાચાર ફૂલછાબ દૈનિકે પહેલા પેજ ઉપર છાપ્યાં છે.
- આ ઉપરાંત દરેક અખબારોમાં અદાણી ગ્રીને આરોપો નકાર્યા શેરમાં ઉછાળો, સંસદમાં હોબાળો તેમજ સુપ્રીમ કોર્ટ દ્વારા અનામતનો લાભ લેવા ધર્મ પરિવર્તનના મુદ્દે નારાજગીના સમાચાર પણ દરેક અખબારોએ પહેલા પેજ ઉપર કવર કર્યા છે..
- ગુજરાતી અખબારોએ સ્થાનિક અને રાજ્યના સમાચારમાં છેલ્લા પેજ ઉપર પોલીસની કોમ્બિંગ નાઇટ દરમિયાન ડિટેઇન કરાયેલા વાહનો છોડવવા વાહનચાલકોની લાઇનો અને દંડની વસૂલાતના સમાચાર પણ પ્રસિધ્ધ કર્યા છે. જ્યારે ખ્યાતિ હોસ્પિટલના આરોપીઓને રિમાન્ડ પર સોંપવાના સમાચાર પણ દરેક અખબારોએ પ્રસિધ્ધ કર્યા છે. ગોરધન ઝડફિયાની હત્યા કરવાનો પ્રયાસ કરનાર આરોપીને સજાના સમાચાર પણ દરેક અખબારે પ્રકાશિત કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

હર્ષલ પંડયા,(નવીન)